**ક્રિ.કેસ નં. ૯૬/૨૦૨૦**

દાખલ તારીખ :-    ૦૭/૦૨/૨૦૨૦
રજુ તારીખ    :-    ૦૭/૦૨/૨૦૨૦
ફેંસલ તારીખ.        ૧૨/૦૩/૨૦૨૬
સમય મર્યાદા  વર્ષ  માસ  દિવસ
                    ૦૬ –૦૧૯ – ૦૫

सत्यमेव जयते

**થરાદના મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, કુ. એ.એચ.મુન્દ્રા સાહેબની કોર્ટ માં, મુ.થરાદ.**

**ક્રિમીનલ કેસ નં. ૯૬/૨૦૨૦**
**આંક :- ૩૭**

**ફરીયાદી    :-    શ્રી સ ર કા ર.**

વિ રૂ ધ્ધ..

**આરોપી    :-    મનિષ રમેશ નાઈ,**
**રહે.ભાલવાણા, પાના ખાનપુર કલ્લા, તા.ગોહાના, જી.સોનીપત (હરીયાણા)**

**ગુનો:-પ્રોહી.એકટની કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨), ૯૯ તથા ઈ.પી.કો.કલમ-૪૬૫, ૪૭૧ મુજબ.**

---

ફરીયાદપક્ષ તર્ફે વિ. એ. પી. પી. શ્રી. સરકાર
આરોપીઓ તર્ફે વિ. વ. શ્રી. ડી.એમ.પટેલ

---

**-//ઠરાવ//-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપી (૧) મનિષ સ/ઓ શ્રી રમેશ જાતે.નાઈ ઉ.વ.૩૨ ધંધો,ડ્રાયવિંગ રહે. ભીલવાણ પાના ખાનપુર કલ્લા તા.ગોહાના જી.સોનીપત(હરીયાણા) વાળાને રવી ઉર્ફે અજચે મહેમ સીટી હરીયાણ ખાતેથી ટ્રક

નં.RJ.27 GA 9952 માં ગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટીઓ નંગ.૬૦૨ બોટલ નંગ ૭૨૨૪ જેની કિ.રૂ.૨૧,૬૭,૦૦૦/-નો ભુસાની આડમાં ભરીને આપેલ અને જે પકડાયેલ આરોપીની સી.ડી. આર આધારે મળી આવેલ મોબાઇલ નંબર ૯૭૭૩૭૧૯૮૦૨ વાળો શંકાસ્પદ વ્યક્તી રજનીશ વિજયપાલ રહે ૨૩૧ સી, ૨૮ ફીટ રોડ સૌથન ખારાખરી જતમલ નફજગઢ વાળાએ દારૂ ભરાવેલ હોવાનું જણાયે છે અને તે દારૂ રજનીશના મોબાઇલ આધારે મળેલ મો.નં. ૮૪૮૮૮૬૦૦૬૩ જેનું લોકેશન રાજકોટ આવતુ હોઇ જે દારૂ મંગાવનાર રાજકોટ વાળો વ્યકતિ ધર્મેશભાઇ ઉર્ફે ધમો નવિનભાઈ વ્યાસ(તરગાળા બાવા) રહે.કડીયાનગર રાજકોટ શહેર મોબાઇલ નં.૮૪૮૮૮૬૦૦૬૩ વાળો તથા ટ્રક માલીક ભુરાલાલ ભેરાજી મીણા રહે મહારાજકી ખેડી તા.વલ્લભનગર જી.ઉદેપુર રાજસ્થાન વાળોઓ એક બીજાના મેળાપીપણામાં રહી આરોપી નં-૧ ના કબ્જા ભોગવટાના ટ્રક નં.RJ.27.GA.9952 માં ગે.કા.અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થા સાથે રાજકોટ ખાલી કરવા જતા તા.૧૩/૧૨/૧૯ના કલાક ૦૭/૦૦ વાગ્યે ખોડા પોલીસ ચેકપોસ્ટ ઉપર ઉપરોકત દારૂના જથ્થા સાથે આરોપી મનિષ સ/ઓ શ્રી રમેશ નાઇ પકડાઇ જઇ ગુનામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ છે.

(૨) આ કામના ફરીયાદીએ થરાદ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે થરાદ પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં. ૫૨૮/૧૯ થી ગુનો રજીસ્ટર કરી તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી.એકટની કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨), ૯૯ તથા ઈ.પી.કો.કલમ- ૪૬૫, ૪૭૧ મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓ નામ.કોર્ટ રુબરૂ હાજર થતા તેઓને તેમની વિરૂધ્ધના પોલીસ પેપર્સની નકલો આપેલ છે અને આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી આંક-૦૪ તળે આરોપીનું નિવેદન નોંધતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) **મૌખિક પુરાવા** :-

૧. આંક- ૦૫ થી પંચસાહેદ જમાલશા અમીશા જુનેજાની જુબાની

૨. આંક– ૦૭ થી ફરીયાદી હસમુખભાઈ જોધાભાઈની જુબાની

૩. આંક– ૧૦ થી પંચસાહેદ નાગજીભાઈ શામળાજી કુંભારની જુબાની

૪. આંક– ૧૧ થી સાહેદ ફેજ મહમદ જીવાશા જુનેજા ની જુબાની

૫. આંક– ૨૯ થી સાહેદ સાહરભાઈ રેવાભાઈ ની જુબાની

૬. આંક– ૩૧ થી ત.ક.અ.શ્રી ગણેશભાઈ કરશનભાઈની જુબાની

(બ) **દસ્તાવેજી પુરાવા** :–

૧. આંક–૦૬ થી મુદ્દામાલ રીકવરી પંચનામું

૨. આંક–૦૮ થી ફરીયાદ

૩. આંક– ૩૨ થી કંપનીના બીલો અને કાગળો

૪. આંક– ૩૬ મુદ્દામાલ વાળી જગ્યાનું પંચનામું

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પીશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. રજુ પુરાવો જોતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીનો વિશેષ જવાબ નોંધવો જરૂરી જણાયેલ હોય જે નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ વિશેષમાં તેઓ સામે ખોટો કેસ કરેલાની હકિકત જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિદ્યાન એ.પી.પીશ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૫) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી (૧) મનિષ સ/ઓ શ્રી રમેશ જાતે.નાઈ ઉ.વ.૩૨ ધંધો,ડ્રાયવિંગ રહે. ભીલવાણ પાના ખાનપુર કલ્લા તા.ગોહાના જી.સોનીપત(હરીયાણા) વાળાને રવી ઉર્ફે અજયે મહેમ સીટી હરીયાણ ખાતેથી ટ્રક નં.RJ.27 GA 9952 માં ગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટીઓ નંગ.૬૦૨ બોટલ નંગ ૭૨૨૪ જેની કિ.રૂ.૨૧,૬૭,૦૦૦/–નો ભુસાની આડમાં ભરીને આપેલ અને જે પકડાયેલ આરોપીની સી.ડી. આર આધારે મળી આવેલ મોબાઈલ નંબર ૯૭૭૩૭૧૯૮૦૨ વાળો શંકાસ્પદ વ્યક્તી રજનીશ વિજયપાલ રહે ૨૩૧ સી, ૨૮ ફીટ રોડ સૌથન ખારાખરી જતમલ નફજગઢ વાળાએ દારૂ ભરાવેલ હોવાનું જણાયે છે અને તે દારૂ રજનીશના મોબાઈલ

આધારે મળેલ મો.નં. ૮૪૮૮૮૬૦૦૬૩ જેનું લોકેશન રાજકોટ આવતુ હોઇ જે દારૂ મંગાવનાર રાજકોટ વાળો વ્યકતિ ધર્મેશભાઇ ઉર્ફે ધમો નવિનભાઈ વ્યાસ(તરગાળા બાવા) રહે.કડીયાનગર રાજકોટ શહેર મોબાઇલ નં.૮૪૮૮૮૬૦૦૬૩ વાળો તથા ટ્રક માલીક ભુરાલાલ ભેરાજી મીણા રહે મહારાજકી ખેડી તા.વલ્લભવનગર જી.ઉદેપુર રાજસ્થાન વાળોઓ એક બીજાના મેળાપીપણામાં રહી આરોપી નં–૧ ના કબ્જા ભોગવટાના ટ્રક નં.RJ.27.GA.9952 માં ગે.કા.અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થા સાથે રાજકોટ ખાલી કરવા જતા તા.૧૩/૧૨/૧૯ના કલાક ૦૭/૦૦ વાગ્યે ખોડા પોલીસ ચેકપોસ્ટ ઉપર ઉપરોકત દારૂના જથ્થા સાથે આરોપી મનિષ સ/ઓ શ્રી રમેશ નાઇ પકડાઇ જઇ ગુનામાં એકબીજાએ મદદગારી કરી પ્રોહી.એકટની કલમ–૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨), ૯૯ તથા ઈ.પી.કો.કલમ– ૪૬૫, ૪૭૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

– **કારણો** –

**મુદ્દા નં. ૧ :–**

ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નિર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે.

(૭) સદર કામે આંક–૦૬ થી રજુ થયેલ મુદામાલ રીકવરીના પંચનામાના પંચસાહેદ જમાલશા અમીશા જુનેજા ને આંક–૦૫ થી તેમજ આજ પંચનામાના બીજા પંચ સાહેદ નાગજીભાઈ શામળાજી કુંભારને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહું પંચસાહેદ મુદામાલ રીકવરી પંચસાહેદ છે. આ પંચસાહેદ સ્વતંત્ર અને તટસ્થ પંચસાહેદ છે

અને ફરીયાદપક્ષના કેસ મુજબ આ પંચસાહેદની રૂબરૂમાં મુદામાલ રીકવરી પંચનામુ કરેલ. જયારે સદર પંચસાહેદનો કોર્ટ રૂબરૂનો પુરાવો વંચાણે લઈએ તો તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,પોલીસે સહી કરવાનું કહેતા પંચનામામાં સહી કરેલી અને પંચનામા વિશે તેઓ કશું જાણતા નથી. આમ સદર પંચસાહેદે ફરીયાદપક્ષના કેસને પાયામાંથી જ સમર્થન આપતા ન હોય, એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, પરવાનગી ગ્રાહય રાખતા ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકત બહાર આવેલ નથી. આમ સદર પંચસાહેદના પુરાવા થકી ફરીયાદપક્ષ આંક-૦૬ ના પંચનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, આ કામે પંચસાહેદની રૂબરૂમાં મુદામાલ રીકવરી પંચનામું કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

(૮) આ કામે આંક-૦૭ થી ફરીયાદી હસમુખભાઈ જોધાભાઈ ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે," ગઈ તા. ૧૩/૧૨/૧૯ ના રોજે અમોને જે.એન.ખાંટ સાહેબે જાણ કરેલી કે પો.સ્ટેઓ નરેશભાઈ ધર્માભાઈનાઓનો ફોન આવેલ છે અને જણાવેલ છે કે ખોડા ચેક પો.સ્ટ ખાતે વાહન ચેકીંગ કરતાં ફરજ પરના પોલીસના માણસોએ એક શંકાસ્પદ ટ્રેક રોકાવેલ છે જેથી ખોડા તપાસમાં જવાનુ છે જેથી થરાદ પો.સ્ટે આવી જે.એન.ખાંટ સાહેબ સાથે સરકારી વાહનમાં રવાના થઈ ખોડા ચેક પો.સ્ટે જતાં ચેક પો.સ્ટ ઉપર એક ટ્રક નંબર આરજે.૨૭. જીએ.૯૯૫૨ ની રોડની સાઈડમાં ફરજ પરના પોલીસના માણસોએ રોકાવેલ પડેલ હોઈ તેમજ ટ્રકના ડ્રાઈવરની વોચમાં પોલીસના માણસો હાજર હોઈ પ્રાથમિક પુછપરછ કરતાં ટ્રકમાં પરપ્રાંતીય દારુનો જથ્થો ભરેલ હોવાનુ ટૂંકના ડ્રાઈવરે હોવાનું જણાવેલ અને ખોડા ચેક પો.સ્ટ ઉપર પોલીસના માણસો અ.પો.કો બીજેશ કુમાર ફલજીભાઈ તથા સહારભાઈ રેવાભાઈ નોકરી બંને દાંતીવાડા પો.સ્ટે તથા પો.કો નટવરભાઈ પાનાભાઈ તથા પો.કો દિનેશભાઈ બાબુભાઈ નોકરી ભાભર પોલીસ સ્ટેશન તથા જી.આઈડી સભ્ય રમેશભાઈ કરશનભાઈ તથા હમીરશા ભીખુશા તથા રમેશગીરી નરભેગીરી તથા ફેજ મહમદ જીવાશા તમામ થરાદ યુનીટ વાળા હાજર હતા. તેઓએ વાહન ચેકીંગમાં આ ટ્રક શંકા સ્પદ જણાતાં ટૂંક સાઈડમાં રોકાવેલ હોવાનું જણાવતાં ઉપરોકત ટ્રકની તપાસ માટે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી,પંચ-૧ જલાલશા અમીશા જુનેજા તથા પંચ-૨ નાગજીભાઈ શામળાભાઈ પ્રજાપતી બંને રહે ખોડા તા.થરાદ વાળાઓને બોલાવી હકીકતની સમજ કરી પોલીસ સ્ટાફના માણસો તથા ડી.આર.ડી સભ્યો તથા ટ્રક ડ્રાઈવર સાથે સદરે ટૂંકમાં

તપાસ કરતા પાછળની બોડીમાં તાટપત્રી ઢાંકી ઉપર રસ્સી બાંધેલ હોઈ જે ખોલી જોતાં ઉપર ડી.ઓસી(ભુસુ) ના કટ્ટા ભરેલ હોઈ આશરે દેશેક કટા હટાવી જોતાં જેમાં ભારતીય બનાવટનો સફેદ કલરની પુઠાની પેટીઓ ભરેલ હોઈ જેથી સદરે ભુસાના કટ્ટા તથા દારુની પેટીઓ ચેક પોસ્ટ ઉપર ઉતારી પાછી ચડાવતાં વધારે મજુરી લાગે તેમ હોઈ જેથી પોલીસના માણસો તથા જી.આર.ડી સભ્યો તથા પંચો સાથે સદરે ટ્રકની થરાદ પો.સ્ટે લાવી મજુરો બોલાવી ઉપરથી ડીઓસીના કટ્ટા હટાવી અંદર ભરેલ પેટીઓ નીચે ઉતારી ગણી જોતાં પેટી નં–૬૦૨ જે એક પેટીમા બોટલ નં–૧૨ કુલ બોટલ નં–૭૦૨૪ એક બોટલની કિ.રૂ.૩૦૦ લેખે કુલ બોટલની કિ.રૂ.૨૧,૬૭,૦૦૦/– ગણાય જે બોટલો ઉપર બ્લેક હોર્સ વિસ્કી ફોર સેલ ઈન અરુણાચલ પ્રદેશ ઓન્લીના માર્કાની ૭૫૦ મીલીની હોઈ જે ગે.કા અને વગર પાસ પરમીટની હોઈ જે બોટલો માંથી એક એક બોટલ એફ.એસ.એલમાં મોકલવા સારુ અલગ કાઢી લઈ જેના ઉપર પંચોની તથા પો.ઈન્સ સાહેબની સહી વાળી કાપલી મુકી પંચનામાની વિગતે સેમ્પલ તથા ઉપરોકત દારુનો જથ્થો તપાસ અર્થે કબજે કરેલ તથા ઉપરોકત ટ્રક નં–આરજે.૨૭.જીએ ૯૯૫૨ દારુની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ હોઈ જેની કિ.રૂ.૫,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા પકડાયેલ ઇસમની અંગ જડતી કરતાં એક મોબાઈલ ફોન મળી આવેલ જેની કિ.રૂ. ૫૦૦/– ગણી તથા રોકડ રૂપીયા ૩,૦૦૦/–ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા ટ્રકમાંથી મળી આવેલ ડી.ઓ.સીના કટ્ટા નંગ – ૧૦૦ જેની કિ.રૂ.૦૦ ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા બીલના કાગળ નંગ–૫ જેની કિ.રૂ.૦૦ ગણી તપાસ અર્થે કબજે કરેલ. જે અંગેનું પંચનામુ જે.એન.ખાંટ પોઈન્સ સાહેબે કલાક ૭:૦૦ થી ૧૨:૩૦ સુધીનુ કરી લીધેલ. બાદ પકડાયેલ ઈસમને સદરે દારુનો જથ્થો કોણે ભરાવેલ હોઈ જે અંગે પુછતાં અજય ઉર્ફે રવી જેના પુરા નામ તથા સરનામાની ખબર ન હોઈ તેણે મેહર હરીયાણા ખાતે ટૂંક આપેલ હોવાનુ જણાવેલ અને સદરે દારુનો જથ્થો કોને આપવાનો હતો તે બાબતે પુછતાં રાજકોટ ખાતે મોબાઈલ નં–૯૮૨૯૮૧૭૭૮૫ વાળાના કહેવા પ્રમાણે આપવાનો હોવાનુ જણાવેલ. આ કામે આરોપી વિરુધ્ધ શ્રી સરકાર તરફે ફરીયાદ મે આપેલી જે ફરીયાદની ખરી નકલ બતાવતાં તેમાં ફરીયાદી તરીકે મારી સહી છું જે રજુ દાખલ આંક–૮ આપવામાં આવે છે. આરોપીઓ કોર્ટમાં હાજર છે અને તે તે જ છે.

ત્યારબાદ આ સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, " ટ્રક રોકવાની જાણ મને ખાંટ સાહેબે કરેલી. ચોકકસ સમય હાલ યાદ નથી. મારા પર નરેશભાઈનો ફોન આવેલ નથી. અમો થરાદથી ખોડા કેટલા વાગ્યે નીકળેલા તે ચોકકસ સમય હાલ યાદ નથી. અમો સરકારી વાહનમાં ખોડા ચેક પો.સ્ટ ગયેલા . એ વાત ખરી

છે કે મારી ફરીયાદમાં ગાડીના ડ્રાઈવરનું નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે થરાદ સાચોર રોડ નેશનલ હાઈવે રોડ છે અને વાહનોની સતત અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે ખોડા ચેક પોસ્ટ ઉપર વાહનો રોકવા આડશના સાધનો આવેલ છે. એ વાત ખરી છે કે ગાડી કોણે રોકાવેલી તેનુ નામ મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગાડી મે રોકાવેલી નથી. એ વાત ખરી છે કે ગાડી કોણ ચલાવતુ હતુ તે મે નજરે જોયેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ ત્યા પહોચ્યો ત્યારે ગાડીનો ડ્રાઈવર હાજર હતો. એ વાત ખરી છે કે ગાડી રોકાવાની પ્રકીયામાં હુ હાજર હતો નથી. એ વાત ખરી છે કે પંચોની હાજરીમાં કોઈ ગાડી રોકાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચોની હાજરીમાં ગાડીમાંથી કોઈ મુદ્દામાલ ઉતારેલ નથી. ખોડા ચેક પોસ્ટથી થરાદ આવવા કેટલા વાગ્યે નીકળેલા તે હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે સ્થળ ઉપર પંચોની હાજરીમાં કોઈ મુદ્દામાલની ગણતરી કરેલ નથી. મજુરોને બોલાવવા માટે કોણ ગયેલ તે મને યાદ નથી. એ વાત ખરી છે કે મજુરોને બોલાવવા કોણ ગયેલ હતુ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કેટલા મજુરોએ મુદ્દામાલ ઉતારેલ કે મજુરોના નામ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે આ મજુરોને શુ મજુરી આપેલ તે મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરજે.૨૭. જીએ ૯૯૫૨ વાળી ગાડીમાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે મુદ્દામાલ બીનવારસી મળી આવેલ. એ વાત ખરી છે કે અમો એ કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી પરંતુ મુદ્દામાલ વાળી ગાડી ખોડા ચેક પોસ્ટ રવાના થઈ થરાદ મુદ્દામાલ ઉતારેલ ત્યાં સુધીનુ સળંગ પંચનામું કરવામાં આવે છે. એ વાત ખરી છે કે સળંગ પંચનામા બાબતે મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે મુદ્દામાલ બીનવારસી મળી આવેલ છે . એ વાત ખરી નથી કે ઉપરી અધીકારીના કહેવાથી ખોટી જુબાની આપુ છું.

(૯) આ કામે આંક–૧૧ થી સાહેદ ફેજ મહમદ જીવાશા જુનેજા ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે," હું ખેતી કરું છું તથા જી.આર.ડી તરીકે નોકરી કરું છું, તા. ૧૩/૧૨/૧૯ ના રોજે મારી ફરજ કઈ જગ્યાએ હતી એ મને ખબર નથી, ૧૩/૧૨/૧૯ ના રોજ પોલીસ સાથે ગયો હસુ એ મને હાલ યાદ નથી, મારી હાજરીમાં શંકાસ્પદ હાલતમાં પકડાયું હોય તેવું મને હાલ યાદ નથી, તે વખતે થરાદ. પો.સ્ટે પોલીસ ઈન્સપેકટર કોણ હતુ એ મને હાલ યાદ નથી, બનાવ વિશે હું કઈ જાણતો નથી. હાલના તબ્બકે સ્પેશીયલ પી.પી. સાહેદને મેમરી તજા કરવા આ.ઓ દાવારા લીધેલ નિવેદન દેખાડવા માગતા હોઈ. પુરાવા આધનિયમની કલમ–૧૫૯ હેઠળ સાહેદને યાદ દાસ તાજી કરવા

નિવેદન રેફર કરવામાં આવે છે. સાહેદ નિવેદન જોયા પછી કહે છે કે આજથી ૭ થી ૮ મહીના પહેલા મારો અકસ્માત થયેલ તેમાં મારી યાદ દાસત ઓછી થઈ ગયેલ છે. હાલ મારી દવા ચાલુ છે. ત્યારબાદ એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ને ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં પણ કોઈ ફળદાયી હકીકત મળેલ નહી.

બાદમાં બચાવપક્ષેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, બનાવ અંગેની હકીકત વિશે હું કઈ જાણતો નથી.

(૧૦) આ કામે આંક–૨૯ થી સાહેદ સાહરભાઈ રેવાભાઈ ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે," તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ અમો તથા અન્ય પો.સ્ટે ના માણસો તથા જી.આર.ડીના સભ્યો થરાદ પો.સ્ટે ના ખોડા ચેકપોસ્ટ ઉપર ફરજ પર હતા તે દરમ્યાન સાચોર તરફથી એક ટ્રક આવતા જેનો નં, આરજે.૨૭.જીએ.૯૯૫૨ હતો. તેને રોકાવેલ અને તેમા તપાસ કરતા શંકાસ્પદ લાગતા સાઈડમાં કરાવેલ અને સાથેના અ.પો.કો. નટવરભાઈ પનાભાઈ નાઓએ થરાદ પો.સ્ટે જાણ કરતા થરાદ પો.સ્ટે ના ઈન્ચાર્જ પો.ઈ. જે.એન. ખાંટ તથા અ.હે.કો. હસમુખભાઈ જોધાભાઈ વીગેરે નાઓ ત્યા ખોડા ચેકપોસ્ટ આવેલા અને ડ્રાઈવરને ગાડીમા રાખેલ વસ્તુ બાબતે પુછતા તેણે જણાવેલ કે ભારતીય બનાવટનો વિદેશી દારૂ છે જેથી પો.ઈ. સાહેબે નજીકમાથી બે પંચોના માણસો બોલાવેલા અને હકીકત થી વાકેફ કરેલા ડ્રાઈવર નું નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ મનીષ રમેશભાઈ નાઈ રહે. ભીલવાણ હરીયાણા વાળો હોવાનુ જણાવેલ અને સદર ગાડીમા ચેક કરતા ઉપર ના ભાગે ભુસુ ભરેલ જે સાઈડમા કરી જોતા નીચે સફેદ કલરની પેટીઓ જણાયેલ . જેથી મોટા પ્રમાણમા મુદામાલ હોઈ જે તે સ્થિતીમા ટ્રક તથા ડ્રાઈવર તથા પોલીસના તથા જી.આર.ડી.ના માણસો તથા પંચો સાથે થરાદ પો.સ્ટે મા આવેલા અને પો.ઈ. સાહેબે મજુરોને બોલાવી પ્રથમ ઉપર થી ભુસુ હટાવતા જે અંદાજે સો એક બોરી જેટલુ હતુ ત્યારબાદ ભારતીય બનાવટનો વીદેશી દારૂ જે બ્લેક હોર્સ સ્પે.વ્હીસ્કી કુલ પેટી નંગ– ૬૦૨ જેમા કુલ બોટલ નંગ ૭૨૨૪ જેની કી.રૂ. ૨૧,૬૭૦૦૦/–મળી આવેલ જેમાથી એક બોટલ સેમ્પલ અર્થે કબજે કરેલ તથા ટ્રક સહીતનો મુદ્દામાલ પંચનામા ની વીગતે પી.એસ.આઈ શ્રી જે.એન .ખાટ નાઓએ કરી લીધેલ .જે અંગેની ગુનાની ફરીયાદ એ.હે.કો. હસમુખભાઈ જોધાભાઈ થરાદ પો.સ્ટે નાઓએ આપેલ હોઈ .અને ત.ક. અધીકારીએ મારો જવાબ લીધેલ છે.

બાદમાં બચાવપક્ષેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ વખતે અમારી સાથે પોલીસ સ્ટાફ ના અન્ય ઘણાબધા માણસો હાજર હતા. એ વાત ખરી છે કે ખોડા

ચેક પોસ્ટ ઉપર સતત વાહનો અને માણસો ની અવર જવર રહે છે.એ વાત ખરી નથી કે ખોડા ચેક પોસ્ટ ની આજુબાજુ ઘરો આવેલા છે અને તેમા લોકો પરીવાર સાથે રહે છે. એ વાત ખરી છે કે પંચનામુ અમારી રૂબરુ કરવામાં આવેલ નથી.એ વાત ની મને ખબર નથી કે ખોડા ચેક પોસ્ટ ઉપર અવાર નવાર દારૂ નો જથ્થો પકડાય છે કે કેમ .એ વાત ખરી નથી કે આવો કોઈ મુદ્દામાલ પકડાયેલ ન હોવા છતા અમોએ કામગીરી બતાવવા સામે આરોપી સામે ખોટો કેસ કરેલ છે.

**(૧૧)** આ કામે આંક–૩૧ થી ત.ક.અ. કરશનભાઈ ગણેશભાઈ પરમાર ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે," સને–૨૦૧૯ ની સાલમાં હું થરાદ પો.સ્ટે.માં પી.એસ.આઈ તરીકે મારી ફરજ ઉપર હાજર હતો. તે દરમિયાન થરાદ પો.સ્ટે પ્રોહી ગુ.રજી.નં.૫૨૮/૨૦૧૯ પ્રોહી કલમ–૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨), ૯૯ તથા ઈપીકો કલમ– ૪૬૫, ૪૭૧ મુજબના ગુનાની તપાસ પીઆઈ શ્રી જે બી ચૌધરીનાઓ કરતા હોઈ જેઓએ સદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લિધેલ તેમજ મુદ્દામાલ એફ.એસ.એલ માટે રવાનગી કરેલ અને આરોપીઓને અટક કરી ના.કોર્ટમા રજુ કરેલ.તેમજ તેઓ રજા પર જતા સદર ગુનાની તપાસ અમોને મળતા અમોએ સદર ગુનાની તપાસ સંભાળેલી અને તપાસના કામે દિલ્હીની કંપનીના કર્મચારીઓના નિવેદન લિધેલ અને તેઓએ કંપનીના બીલ તથા અન્ય કાગળો મારી સમક્ષ રજુ કરેલા જે મે તપાસના કામે સામેલ રાખેલ જે અનુક્રમે કુલ બીલ પાંચ રજુ દાખલ આંક ૩૨ થી ૩૫ આપવામાં આવે છે .તેમજ આરોપીઓએ જે જગ્યાએથી મુદ્દામાલ ભરાવેલ જે જગ્યાનુ બે પંચો રુબરુ પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ જેને રજુ દાખલ આંક–૩૬ આપવામા આવે છે.ત્યારબાદ સદર ગુનાની તપાસ અમોએ કરી જે.બી.ચૌધરીનાઓને સુપ્રત કરેલી.અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ જે.બી.ચૌધરીનાઓને ના.કોર્ટમા ચાર્જશીટ કરેલ.

બાદમાં બચાવપક્ષેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યાએ નેશનલ હાઈવે આવેલ છે અને ત્યા સતત વાહનોની અવર જવર ચાલુ રહે છે.એ વાત ખરી છે કે મારી રુબરુમા કોઈ મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ કરવામા આવેલ નથી.એ વાત ખરી છે કે મે હાલના કામે નિવેદનો લિધેલ છે આરોપીઓ દ્વારા મહંમ તાજી–બિવાની હરિયાણાથી જે માલ ભરેલ તે જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલું. એ વાત ખરી છે કે, આ કામે બીજી કોઈ તપાસ કરેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદી, ત.ક.અ તથા અન્ય સાહેદો પોલીસ કર્મચારી છે અને ફરીયાદીએ આ કામની ફરીયાદ આપેલ છે. આ કામે ફરીયાદી ત.ક.અ. તથા સાહેદને તપાસેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી હકીકતો તેમના પુરાવામાં જણાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ આ સાહેદ રસ ધરાવતા સાહેદ છે, રસ ધરાવતા સાહેદનો પુરાવો ન માનવો તેવો કાયદાનો કોઇ સ્થાપિત સિધ્ધાંત નથી, પરંતુ આવા સાહેદના પુરાવાને સ્વતંત્ર અને તટસ્થ સાહેદના પુરાવાથી સમર્થન મળવું આવશ્યક છે અને આવા સાહેદના પુરાવાનું મુલ્યાંકન ખુબ જ ઝીણવતભરી રીતે કરવું જોઇએ તેમજ આ કામે કોઇ જ સ્વતંત્ર સાહેદોને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી તેમજ ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ જે કહેવાતી જગ્યાએથી મુદામાલ રીકવર કરવામાં આવેલ છે, તેનો કોઇ આધારભુત પુરાવો ફરીયાદપક્ષે કબજે કરેલ નથી કે રેકર્ડ ઉપર રજુ કરેલ નથી.

**(૧૩)** આમ ઉપરોકત ફરીયાદી તથા ત.ક.અ.ના મૌખિક પુરાવાને સ્વતંત્ર પંચસાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ફરીયાદપક્ષ પોતાનો કેસ નીઃશંકપણે પુરવાર કરવામાં પણ નિષ્ફળ નીવડેલ છે અને હાલના કેસમાં મહત્વના અને ચાવીરૂપ પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ ફરીયાદપક્ષે તેમનો કેસ સાબીત કરવા માટે કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો લીધેલ નથી. ઉપરોકત પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર પંચસાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય ફરીયાદપક્ષ પોતાનો કેસ નીઃશંકપણે પુરવાર કરવામાં પણ નિષ્ફળ નીવડેલ છે અને હાલના કેસમાં મહત્વના અને ચાવીરૂપ પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી.

**(૧૪)** આ કામે ફરીયાદી તથા ત.ક.અ. નો પુરાવો જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે તેવા કોઇ સ્વતંત્ર સાહેદોના તપાસ કરનાર અમલદારે નિવેદન લીધેલ નથી અને ન લેવા અંગે કોઇ વ્યાજબી ખુલાસો તપાસ કરનાર અમલદારની જુબાની દરમ્યાન કરવામાં આવેલ નથી, તેથી પણ ફરીયાદપક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે.

**(૧૫)** આ ઉપરાંત સદર કામનો મુદામાલ એફ.એસ.એલ.માં તપાસણી સારૂ મોકલવામાં આવેલ નથી તેનું રવાનગી પત્રક કે એફ.એસ.એલ. સર્ટીફીકેટ આ કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ નથી અને તે અંગેનો કોઇ વ્યાજબી ખુલાસો આ કામના તપાસ

કરનાર અમલદારે તેઓની જુબાનીમાં કરેલ નથી, તેથી પણ ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉભી થાય છે.

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષ તરફે અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ, આ કામે આગળ ચર્ચા કરી તે મુજબ મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ કે જેઓ સ્વતંત્ર અને તટસ્થ સાહેદ છે, તેઓએ ફરીયાદપક્ષના કેસને પાયામાંથી સમર્થન આપેલ નથી. વધુમાં આ કામે આંક–૦૧ નું ચાર્જશીટ જોતાં તેમાં પોલીસ કર્મચારીઓ સાહેદ તરીકે દર્શાવેલ છે તેમજ કહેવાતો મુદામાલ આરોપીઓના પ્રત્યક્ષ અને સભાન કબજામાંથી મળી આવેલ હોવાનું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવું પડે. અન્ય કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી. આમ, ફરીયાદપક્ષ મુદામાલ રીકવરી પંચનામાની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. તે સંજોગોમાં આ કામના આરોપી (૧) મનિષ સ/ઓ શ્રી રમેશ જાતે.નાઈ ઉ.વ.૩૨ ધંધો,ડ્રાયવિંગ રહે. ભીલવાણ પાના ખાનપુર કલ્લા તા.ગોહાના જી.સોનીપત(હરીયાણા) વાળાને રવી ઉર્ફે અજયે મહેમ સીટી હરીયાણ ખાતેથી ટ્રક નં.RJ.27 GA 9952 માં ગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટીઓ નંગ.૬૦૨ બોટલ નંગ ૭૨૨૪ જેની કિ.રૂ.૨૧,૬૭,૦૦૦/–નો ભુસાની આડમાં ભરીને આપેલ અને જે પકડાયેલ આરોપીની સી.ડી. આર આધારે મળી આવેલ મોબાઇલ નંબર ૯૭૭૩૭૧૯૮૦૨ વાળો શંકાસ્પદ વ્યક્તી રજનીશ વિજયપાલ રહે ૨૩૧ સી, ૨૮ ફીટ રોડ સૌથન ખારાખરી જતમલ નફજગઢ વાળાએ દારૂ ભરાવેલ હોવાનું જણાયે છે અને તે દારૂ રજનીશના મોબાઇલ આધારે મળેલ મો.નં. ૮૪૮૮૮૬૦૦૬૩ જેનું લોકેશન રાજકોટ આવતુ હોઇ જે દારૂ મંગાવનાર રાજકોટ વાળો વ્યકતિ ધર્મેશભાઇ ઉર્ફે ધમો નવિનભાઈ વ્યાસ(તરગાળા બાવા) રહે.કડીયાનગર રાજકોટ શહેર મોબાઇલ નં.૮૪૮૮૮૬૦૦૬૩ વાળો તથા ટ્રક માલીક ભુરાલાલ ભેરાજી મીણા રહે મહારાજકી ખેડી તા.વલ્લભવનગર જી.ઉદેપુર રાજસ્થાન વાળોઓ એક બીજાના મેળાપીપણામાં રહી આરોપી નં–૧ ના કબ્જા ભોગવટાના ટ્રક નં.RJ.27.GA.9952 માં ગે.કા.અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થા સાથે રાજકોટ ખાલી કરવા જતા તા.૧૩/૧૨/૧૯ના કલાક ૦૭/૦૦ વાગ્યે ખોડા પોલીસ ચેકપોસ્ટ ઉપર ઉપરોકત દારૂના જથ્થા સાથે આરોપી મનિષ સ/ઓ શ્રી રમેશ નાઇ પકડાઇ જઇ ગુનામાં એકબીજાએ મદદગારી કરી પ્રોહી.એકટની કલમ–૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨), ૯૯ તથા ઈ.પી.કો.કલમ– ૪૬૫, ૪૭૧ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત

નીઃશંકપણે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**– // <u>હુકમ</u> // –**

**(૧)** ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આરોપી મનિષ રમેશ નાઈ, રહે.ભાલવાણા, પાના ખાનપુર કલ્લા, તા.ગોહાના, જી.સોનીપત (હરીયાણા) વાળાને પ્રોહી.એકટની કલમ–૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨), ૯૯ તથા ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૭૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદામાલ વાહન અને મોબાઈલ અંગે અગાઉ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા સદર મુદામાલની ખરાઈ કરી તેના મુળ માલીકને અપીલ સમય બાદ પરત કરવો તથા અન્ય પ્રોહીબિશન મુદામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

**(૩)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨, માહે– માર્ચ, સને–૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
થરાદ.

( કુ. એ.એચ.મુન્દ્રા)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
થરાદ.
GJ–01010